# રામકબીર પરંપરા, ઉદા ધર્મ અને ઉદા સમાજ

મુકેશ ભગત
અબુધાબી

* **રામકબીર પરંપરા :** સ્થાપક શ્રી જ્ઞાનીજી મહારાજ મોટા સાંઝા, જિલ્લો ભરૂચ, ગુજરાત.
* **ઉદા ધર્મ :**
  - શ્રી જીવણજી મહારાજે શ્રી જ્ઞાનીજી મહારાજ સ્થાપિત રામકબીર પરંપરામાં પ્રવેશ ઈ.સ. ૧૬૨૭/સંવદ ૧૬૮૩ ની શરદપૂર્ણિમાના દિવસે કર્યો.
  - શ્રી જીવણજી મહારાજ નામના ગૃહસ્થ સંતે રામકબીર પરંપરા અંતર્ગત શ્રી કબીરજીની વિચારધારા આચરિત ઉદા ધર્મની સ્થાપના ઈ.સ.૧૬૩૨/સંવત ૧૬૮૮ની શરદપૂર્ણિમાના દિવસે કરી.
  - સ્થાપના સ્થળ : શાહપુરા તા. જિ. વડોદરા. મૂળ ગાદી સ્થાન/ધામ : પુનિયાદ તા. ડભોઈ. જિ. વડોદરા.
  - ગાદીનું માહાત્મય : ગાદી પર પરંપરાના તત્ત્વજ્ઞાનનું હસ્તલિખિત સાહિત્ય, જીવણજી મહારાજની નિજમાલા અને એક ગોદળી છે પણ આસ્થા સાહિત્યના વચન પ્રત્યે છે. જેનાથી સમાજ તત્ત્વદર્શન અને માર્ગદર્શન પ્રાપ્ત કરે છે. ''**વચન એજ પરમેશ્વર** '' પરંપરાનું હાર્દ છે. અસલમાં ગાદીનું અસ્તિત્ત્વ 200 વર્ષથી જ છે. પરમાત્મા સર્વવ્યાપી છે જે સ્થાન અને પ્રતીક પર અવલંબિત નથી તે આ પરંપરાનો મૂળ વિચાર છે.
  - **અન્ય ગાદી :** બોડેલી, સુરત, સરદારપુર (વડનગર સરદારપુરની ઉપશાખા) અને જ્યાં જ્યાં ઉદા ભક્ત સમાજ વસે છે તે ગામેગામ પડથારા છે. પડથારે ગામના ભક્તો દ્વારા સમૂહમાં સંધ્યા આરતી ભણવી.સત્સંગ કરવો અને સમા(ઉત્સવ) ઉજવવાની પરિપાટી હતી.
* **ઉદા ભક્ત સમાજ :**
  - ૩૮૮ વર્ષોના સ્થાપનાકાળથી વિવિધ જ્ઞાતિઓ અને જાતીઓના સમઆગમનથી બનેલો સમ્યક સમાજ, જે નખશિખ કબીર વિચારધારા પ્રમાણે સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને આધ્યાત્મિક જીવન જીવે છે. બાહ્યાચાર, કર્મકાંડ, મૂર્તિપૂજા અને વ્યક્તિપૂજા રહિત ઉદિત, ઉદાર અને પ્રગતિશીલ સામાજિક,

સાંસ્કૃતિક, ધાર્મિક અને આધ્યાત્મિક વ્યવસ્થા આ પરંપરાનો મૂળ પાયો છે.

- કોઈપણ સામાજિક, સાંસ્કૃતિક,ધાર્મિક અને આધ્યાત્મિક પ્રસંગો કરવા માટે સમાજ પોતે સ્વાવલંબી છે અને પંડિત પુરોહિત અને બ્રાહ્મણ વર્ગનું ૧૦૦% નિરાલંબન. સમાજની કોઈપણ વ્યક્તિ કોઈ પણ પદવી વિના બધાજ પ્રસંગો કરી અને કરાવી શકે છે.
- પાટીદાર, બ્રાહ્મણ, રાજપૂત, વાણિયા અને વિશ્વકર્મા જાતિના અને ખેડૂત વર્ગના પરીવારો અનિન ઉદા ધર્મ અંગીકાર કરી ઉદા ભક્ત બન્યા પણ પાટીદાર સમૂહ મોટો હોવાથી પાછળથી સરકારી વહીવટમાં આ સમાજે ઉદા પાટીદાર તરીકે પોતાની ઓળખ આપી મૂળ પરંપરામાં ઉદા વૈષ્ણવ કે ઉદા ભક્ત તરીકેનો ઉલ્લેખ હતો.
- **સમૂહ ભોજન, સમૂહ ભજન** અને **સમૂહ જીવનના** પાયાના ભાવથી સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક જીવન જીવતા જીવતા આમ અનેક જાતિ જ્ઞાતિના ભક્તો અભિન્ન અને એકરૂપ બની ગયાં.
- આહાર શુદ્ધિથી વાણી અને વિચાર શુદ્ધિ, વાણી અને વિચાર શુદ્ધિથી આચાર શુદ્ધિ અને આચાર શુદ્ધિથી આચારયુક્ત ભક્તિ પ્રણાલિકા પ્રમાણે " **પાણીને જળ** ", " **ભોજન ને પ્રસાદ** ", "**મૃત્યુ ને હરિશરણ**" જેવા શબ્દો વ્યવહારમાં છે.
- **જન્મ :**
  - બાળક જન્મે ત્યારે માતા અને બાળકને સવા મહિનાનું સૂતક હોતું નથી.

પરિવારની અનૂકુળતા પ્રમાણે નવજાત બાળકને શ્રી કબીરજીના વતીની તુલસીની કંઠી પહેરાવાય છે. તુલસીની કંઠી એ ઉદાભક્તની ઓળખનું પ્રતીક છે. બીજો આધ્યાત્મિક ભાવ બાળક પર તુલસીમાળા અર્પણ કરીએ ત્યારે તેને ભગવદ્ અર્પણ કરીએ છે. આ સમયે હાજર ભક્ત સમાજ " **પરબ્રહ્મ વાણીને પરણીયા બ્રહ્માંડ જય જયકાર રે** " વાણીના કિર્તનનું સમૂહગાન કરે છે.

- **લગ્ન :** કુંડળી મેળવ્યા વિના, મુહૂર્ત જોયા વિના, અગ્નિની સાક્ષી વિના સમાજની કોઈપણ વ્યક્તિ ગુજરાતી ભાષામાં લખાયેલા ગાઈ
  - "**સંત સોહાગો કીર્તન** " લગ્ન કરે છે. આને પૃથ્વી વિવાહ પદ્ધતિ કહેવાય છે.વર-વધૂ સ્વયં કે વ્યવહારો, તહેવારો વિના ૧૫-૨૦ મિનિટમાં મૂળ લગ્ન વિધિ સંપન્ન થઈ જાય છે.
  - મંડપ મુહૂર્ત, ગણેશ સ્થાપના, ગ્રહશાંતિ જેવા એક પણ ક્રિયાકાંડ વિના સમગ્ર

લગ્નવિવાહ પ્રસંગ સાંસ્કૃતિ ધામધૂમ કે સાદાઈથી થાય છે. (જેવી જેની શક્તિ)

- ◆ ૩૯૦ વર્ષોથી લેતીદેતી વ્યવહાર અને વર કે કન્યા વિક્રયનો સંદતર ત્યાગ છે. આટલા વર્ષોમાં એકપણ ઘટના ઘટી નથી!!!
- ◆ સંતોના સગુણ પદોના લગ્નગીતો ઉદા ભક્ત સમાજની અનોખી અને પોતીકી પરંપરા છે જે અચૂક સાંભળવા અને માણવા જેવી છે.
- ◆ સેંથામાં સિંદૂર અને લાલ ચાંદલાને બદલે ગોપી ચંદનનું તિલક ધારણ કરાય છે અને મંગળસૂત્રને બદલે તુલસીની કંઠી સમાજના સ્ત્રી પુરુષ કાયમ ધારણ કરે છે. (વિધુર કે વિધવાપણાને માન્યતા નથી અપાઈ)

▶ **મરણ :**

◆ ઉદા ભક્ત સમાજ માટે મૃત્યુ એ શોકનો પ્રસંગ નથી બલ્કે કબીરજીની વિચારધારા પ્રમાણે જીવાત્મા પુનઃ પરમાત્મા સાથે ભળી પોતાના મૂળ ઘેર પહોંચે છે એટલે પરમાનંદનો પ્રસંગ છે એટલે શોક નથી પળાતો, મરણ દરમ્યાન કોઈ વિધિ વિધાન વિના ઓચ્છવ કિર્તન કરતા દેહને વાડીએ લઈ દહન કરાય છે.

- ◆ મૃતાત્મા દેહને ઠાઠડીમાં નહીં પણ સંતની પેઠે પાલખીમાં (સંઘાસણ) બેસાડી અંતિમ યાત્રા નિકળે છે. મૃતદેહને ગંગાજળ પિવડાવવાની પ્રથા નથી પણ તુલસીદલ ચઢાવી પરમાત્માને પ્રાર્થના કરાય છે કે આ આધ્યાત્મિક જીવન જીવેલા દેહાત્માનો પ્રસાદ તરીકે સ્વીકાર કરો !!!
- ◆ કાયટું, મુંડન,ખાટલો પાથરવો, પિંડદાન, બારમું-તેરમું અને શ્રાદ્ધ જેવા કોઈ રીતિરિવાજ સમાજમાં નથી. કિર્તન ઓચ્છવ સિવાય કોઈપણ મરણોત્તર ક્રિયાઓ સમાજમાં નથી.

ઉદા ભક્ત સમાજ જન્મ (કંઠી અર્પણ ટાણે), લગ્ન અને મૃત્યુ આમ ત્રણેય પ્રસંગે '' **પરબ્રહ્મ વાણીને પરણીયા બ્રહ્માંડ જય જયકાર રે**'' વાણીનું પદ ગાઈ એક સરખો આધ્યાત્મિક ભાવ અને સ્થિતપ્રજ્ઞતા પ્રગટ કરે છે.

## ✱ ભક્તિ ઉપાસના :

- ▶ નિર્ગુણ નિરાકાર એવા અદ્વૈત પરમાત્માના માત્ર નામસ્મરણ વડે નિષ્કામ અને પ્રેમલક્ષણા ભક્તિ આ પરંપરાનો પ્રાણ છે. રામ અને કૃષ્ણનાં નામનું સ્મરણ કરી ભક્તિ કરવી પણ તેમના અવતારની કથા, ચરિત્ર કે મૂર્તિનું અવલંબન અને આસ્થાને ઉપાસના સાથે જોડવી નહિ.
- ▶ ભક્તિને શુષ્કતાથી બચાવવા સંતોના સુગણ કિર્તનના પદો ગાઈ આનંદ

મેળવવો પણ આધ્યાત્મિક આધાર તો નિર્ગુણ નિરાકાર પરમાત્માને જ રાખવા. '' **નિરાકાર આધાર હે, આકારે આનંદ** '' સાખી દ્વારા આ ભાવને પોષાય છે.

- કુળદેવી કે કુળ દેવતા જેવી કોઈ માન્યતા સમાજમાં નથી તેમજ દેવી દેવતા જેને કબીરજી આનદેવ કહે છે તેની ઉપાસના ત્યજ્ય છે. દીવો નથી કરાતો અને આરતી ચોકો નથી કરતા.
- નિષેધ : જપ, તપ, તિરથ, વ્રત, મંત્ર, હોમહવન, કાયટું, મૌન, ઉપવાસ, અર્ધ્ય, મુહૂર્ત વિના પ્રસંગો કરવા.
- ચાર પદારથનું અનુસરણ : તિલક, તુલસી, રામનામ અને સંત સંગત (તિલક અને તુલસી ઉદા ઓળખના પ્રતીક છે)

## ✱ ગુરુ પરંપરા :

- ઉદા ધર્મના સ્થાપકે પોતાની હયાતીમાં ક્યારેય પોતાના માટે ગુરુ કે સદ્ગુરુ શબ્દ પ્રયોજવા દીધો નથી પણ પોતાની ઓળખ હમેશાં ''**વૈષ્ણવ જીવણદાસ**'' તરીકે આપતા અને અંતરંગ અનુયાયીઓને બાળગોપાળ કહી સંબોધતા. તેઓ સાખી દ્વારા કહેતા કે ''**સબકે સદ્‌ગુરુ કબીરજી, મમત કરો જન કોઈ**'' અને સદ્‌ગુરુને દેહ સ્વરૂપે નહીં પણ તેમના શબ્દદેહ (વાણી) થકી તેમના દર્શન કરવા છે.
- આ પરંપરાની ટહેલ(સંભાળ રાખવાની જવાબદારી)જીવણજીએ પહેલા અન્ય એક ભક્તને સોંપી પણ તે ભક્ત અને સમાજની વિનંતીથી પોતાના વંશજને સોંપી. આમ તેઓ ગુરુ નહીં પણ માર્ગદર્શક(ટહેલિયા) કહેવાયા. સ્વામી અટકના આધારે સ્વામી પરીવાર શબ્દ પ્રયોજાયો હતો પણ કાળક્રમે તે ભુલાઈ દેખાદેખી ગુરુ શબ્દ વ્યવહારમાં આવી ગયો જે ઉદા ભક્ત રામકબીર વિચારધારા અને પરંપરાને સુસંગત નથી. સ્વામી શબ્દ સંન્યાસીઓ માટે વપરાય છે તેવું આપણા માટે નથી પણ ઇંદ્રિયોના સ્વામી માટે છે.
- સ્વામી પરિવાર સમાજ પર નિર્ભર ન રહી શકે. નોકરી કે ખેતી કરી પોતાની આજીવિકા જાતે રળવી પડે. સમાજના અન્ય પરિવારોની જેમ આચાર નિયમો લાગું પડે. વિશેષ દરજ્જો નહિ. સમાજમાં જ રોટી બેટી વ્યવહાર રાખવાનો હોય છે.

## ✱ રજસ્વલા અને સ્ત્રીદોષ નિવારણ :

- ઈ.સ. ૧૬૭૮/સંવત ૧૭૩૪ ૩૪૨ વર્ષો પહેલા જીવણજી મહારાજે સમાજમાંથી બહેનોને રજસ્વલા ધર્મના બંધનોમાંથી મુક્ત કર્યા. રજસ્વલા કાળમાં સ્ત્રીને સૂતકી માની આભડછેટ સ્પર્શાસ્પર્શી નથી કરાતી પણ સામાન્ય ક્રમ અને કર્મ પ્રમાણે જ જીવન વ્યવહારમાં રહેવું તેવી પરંપરા છે.
- વિધવા વિચારને તિલાજંલિ આપેલી છે. ૩૮૭ વર્ષોથી વિધવા વિવાહ થઈ શકે તેવી વ્યવસ્થા છે. પતિના દેહાંત પછી વિધવાને અપશુકનિયાળ માનવામાં નથી આવતી અને દરેક પ્રસંગોમાં આવી બહેનો અન્ય બહેનો સાથે જ હોય છે.

====00000====